જૈન ધર્મનો મર્મ સમજાવતુ - પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સદ્‌ઉપદેશનો પ્રચાર-પ્રસાર કરતુ આધ્યાત્મિક માસિકપત્ર

✤ ઑક્ટોબર ૨૦૧૨
✤ વર્ષ : ૨૬
✤ અંક : ૧૦
✤ સળંગ અંક : ૨૯૮

# ગુરુપ્રસાદ

✤ આજીવન લવાજમ: રૂા. ૨૦૦/-
✤ વાર્ષિક લવાજમ: રૂા. ૨૫/-
✤ છૂટક નકલ : રૂા.૫/-
✤ પાના: ૩૨ + ૪ = ૩૬

# સમયસાર-પ્રવચન

**(દિગંબરાચાર્ય શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ પ્રણિત**
**શ્રી સમયસાર શાસ્ત્ર ગાથા ૨૭૬-૨૭૭ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)**

*(ગતાંકથી ચાલુ)*

શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુત હો કે ન હો, શુદ્ધ આત્માના સદ્‌ભાવથી જ જ્ઞાનનો સદ્‌ભાવ છે. લ્યો, શું કહે છે આ? કે શાસ્ત્રનું જ્ઞાન ભલે હોય કે ન હોય, શુદ્ધ આત્માના સદ્‌ભાવથી જ જ્ઞાનનો સદ્‌ભાવ છે. હવે આવી નિશ્ચયની વાત ઘણા લોકોને-વ્યવહારવાળાઓને ખટકે છે. શબ્દશ્રુત હો કે ન હો એમ કીધું ને? મતલબ કે શબ્દશ્રુત કાંઈ નથી. માત્ર (દ્રવ્યશ્રુતથી) દિશા ફરે તો દશા ફેર થાય છે. પરથી ખસી જ્ઞાનની દિશા સ્વ ભણી વળે તો સમ્યગ્જ્ઞાન થાય છે. અહા! દશા દશાવાન તરફ ઢળે તો જ્ઞાન સાચું છે; બાકી બધાં થોથાં છે. સમજાણું કાંઈ...?

હવે કહે છે-'શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે, કારણ કે જીવ આદિ નવ પદાર્થોના સદ્‌ભાવમાં કે અસદ્‌ભાવમાં (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્‌ભાવથી જ દર્શનનો સદ્‌ભાવ છે...'

શું કીધું? કે સમ્યગ્દર્શનનો આશ્રય એક શુદ્ધ આત્મા જ છે, નવ પદાર્થો નહિ. નવ પદાર્થોની શ્રદ્ધા તો રાગ છે. અહા! જેનો આશ્રય નવ તત્ત્વો છે એ તો રાગ છે, સમ્યગ્દર્શન નહિ. ભગવાન જેને સમ્યગ્દર્શન કહે છે એનો આશ્રય-લક્ષ એક શુદ્ધ જ્ઞાનઘન પ્રભુ આત્મા જ છે.

અહાહા...! નવતત્ત્વથી ભિન્ન પૂરણ શુદ્ધ એક જ્ઞાનઘન પ્રભુ આત્મા છે. એના સન્મુખનું શ્રદ્ધાન-દર્શન તે સમ્યગ્દર્શન છે. અભેદથી કહીએ તો શુદ્ધ આત્મા જ સમ્યગ્દર્શન છે. હવે આત્મા શું ને નવતત્વ શું એની ખબરેય ન હોય ને આ અમને ભગવાનની શ્રદ્ધા છે એ સમકિત અને આ વ્રત લઈ એ તે ચારિત્ર એમ કોઈ માને છે પણ બાપુ! એ તો બધાં એકડા વિનાનાં મીંડાં છે ભાઈ! સમ્યગ્દર્શન કે જેને ચોથું ગુણસ્થાન કહીએ, જે શ્રાવક થવા પહેલાં આવે છે, તેનો આશ્રય, અહીં કહે છે, એક શુદ્ધ આત્મા જ છે; ભગવાનેય નહિ ને નવતત્ત્વેય નહિ. આમાં શ્રાવક કહ્યા તે આ વાડાના શ્રાવક નહિ, એ તો બધા સાવજ છે; આ તો વીતરાગી

શાંતિ અને સ્થિરતા કાંઈક થયાં છે એવા પંચમગુણસ્થાનવાળા શ્રાવકની વાત છે.

અહાહા...! શું કહે છે? કે જીવાદિ નવ પદાર્થોની ભેદરૂપ શ્રદ્ધાનો વિકલ્પ હો કે ન હો, શુદ્ધ આત્માના સદ્‌ભાવથી જ દર્શનનો સદ્‌ભાવ છે. આનો અર્થ શું થયો? કે નવ પદાર્થોનું ભેદરૂપ શ્રદ્ધાન કાંઈ વસ્તુ નથી, અર્થાત્ રાગદ્વેષમોહ જ છે. ભાઈ! શુદ્ધ ચિદાનંદઘન એકલા જ્ઞાન ને આનંદ દળ પ્રભુ આત્મા છે તે એકમાં અંતર્મુખાકાર થઈ એનું દર્શન-શ્રદ્ધાન કરે તે વાસ્તવિક નિશ્ચય સમ્યગ્દર્શન છે. નારકીને પણ આવું સમ્યગ્દર્શન થાય છે પણ તે આ રીતે જ, અને ત્યારે તેને જે, નવતત્ત્વનું ભેદરૂપ શ્રદ્ધાન હોય છે તે વ્યવહાર છે. આ પ્રમાણે અનેકાન્ત છે.

**પ્રશ્નઃ-** પણ કાળલબ્ધિ હોય ત્યારે સમ્યગ્દર્શન થાય ને?

**ઉત્તર :-** કાળલબ્ધિ એ સમયે જ હોય છે. અહાહા...! અંદર ત્રિકાળી ધ્રુવ સ્વસ્વભાવ એક જ્ઞાયકભાવને જ્યાં ધ્યેય બનાવ્યો ત્યાં તે જ સમયે

-સ્વભાવનો આશ્રય થયો,

-કાળલબ્ધિ થઈ ગઈ,

-વર્તમાન પર્યાયનો પુરુષાર્થ થઈ ગયો,

-કર્મનાં ઉપશમ આદિ પણ થઈ ગયાં અને

-થવા યોગ્ય સમ્યગ્દર્શનની પર્યાય જ થઈ તે ભવિતવ્ય થયું. એક સાથે પાંચે સમવાય મળ્યાં. આ પ્રમાણે શુદ્ધ આત્માના જ આશ્રયે સમ્યગ્દર્શન થાય છે અને એમાં પાંચે સમવાય સમાઈ જાય છે.

હવે ત્રીજી ચારિત્રની વાત લે છે :- 'શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે, કારણ કે છ જીવ-નિકાયના સદ્‌ભાવમાં કે અસદ્‌ભાવમાં (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્‌ભાવથી જ ચારિત્રનો સદ્‌ભાવ છે.'

જુઓ, જેને મોક્ષના કારણભૂત ચારિત્ર કહીએ તેનો આશ્રય એક શુદ્ધાત્મા જ છે, છ જીવ-નિકાય નહિ. અહાહા...! અંદર શુદ્ધ ચૈતન્યરસકંદ પ્રભુ આત્મા છે તે એકમાં જ ચરવું-રમવું-ઠરવું એનું નામ ચારિત્ર છે.

અત્યારે તો કોઈ લોકો કહે છે કે-અટ્ઠાવીસ મૂલગુણ પાળે-એ શુભથી શુદ્ધ ઉપયોગ થાય.

અરે ભાઈ! એ (મૂળગુણના) શુભભાવની-રાગાની દિશા તો પર તરફ છે, ને આ ચારિત્રની દિશા સ્વ તરફ છે. હવે પર તરફની દિશાએ જતાં સ્વ તરફની દિશાવાળી દશા કેવી રીતે થાય? અહા! રાગમાંથી વીતરાગતા કેમ થાય? રાગમાં-દુઃખમાં રહેતાં અતીન્દ્રિય સુખ કેમ પ્રગટે? બાપુ! અતીન્દ્રિય સુખ તો અતીન્દ્રિય સુખનો સાગર ચિદાનંદઘન પ્રભુ આત્માના એકના આશ્રયે જ પ્રગટ થાય છે એમ અહીં કહે છે.

કોઈક દિ' કાને પડે એટલે માણસને એમ લાગે કે આવો ધર્મ! આવો મારગ! પણ ભાઈ! વીતરાગ જૈન પરમેશ્વર ચારિત્રનો-ધર્મનો આશ્રય એક શુદ્ધ આત્મા જ કહ્યો છે. અર્થાત્ છ જીવ-નિકાય ચારિત્ર આશ્રય નથી. શુન કીધું? પહેલાં પંચમહાવ્રતાદિ પાળે માટે પછી ચારિત્ર થશે એમ છે નહિ. જ્યારે એને ચારિત્ર થશે ત્યારે એક શુદ્ધ આત્માના જ આશ્રયે થશે; અર્થાત્ શુદ્ધ આત્માનો આશ્રય કરશે ત્યારે જ ચારિત્ર થશે.

અત્યારે તો લુગડાં ફેરવે કે નગ્ન થઈ જાય એટલે માને કે થઈ ગઈ દીક્ષા; ને કાંઈક ઉપવાસ કરે એટલે માને કે તપસ્યા ને નિર્જરા થઈ ગયાં. પણ એમ તો ધૂળેય દીક્ષા ને તપસ્યા નથી સાંભળને. દીક્ષા કાળે લુગડાં તો સહજ છૂટી જાય છે, છોડવાં પડતાં નથી લુગડાં છૂટવાની-અજીવની ક્રિયા તો અજીવમાં થાય છે. એને છોડે કોણ? વળી લુગડાંવાળા છે એ તો દ્રવ્યે કે ભાવે સાધુ જ નથી. આકરી વાત ભાઈ! દુનિયાથી મેળ ખાય, ન ખાય પણ વસ્તુ તો આ જ છે.

અહીં કહે છે-છ જીવ-નિકાયની દયાનો વિકલ્પ હોય કે ન હોય, શુદ્ધ આત્માના સદ્‌ભાવથી જ ચારિત્રનો સદ્‌ભાવ છે. એટલે શું? કે છ જીવ-નિકાયની દયાનો વિકલ્પ ને પંચમહાવ્રતાદિનો વિકલ્પ એ કાંઈ વસ્તુ (ચારિત્ર) નથી. છ જીવ-નિકાયની દયાનો વિકલ્પ હોય તોપણ ચારિત્ર તો સ્વના આશ્રયે જે (નિર્મળ પરિણતિ) છે તે જ છે. શુદ્ધ આત્માના સદ્‌ભાવથી જ અર્થાત્ જેને શુદ્ધ આત્માનો આશ્રય છે તેને જ ચારિત્ર છે.

અહા! જેનો એક જ્ઞાનસ્વભાવ છે એવા છ કાયના અનંતા જીવ આખા લોકમાં ઠસાઠસ ભર્યા છે. અહીં પણ અનંતા સૂક્ષ્મ જીવો છે. અહા! આવો આખા લોકનો જીવ સમૂહ જેમાં નિમિત્ત છે એવી દયાનો વિકલ્પ, અહીં કહે છે, ચારિત્ર નથી. દુનિયાથી ઘણો ફેર ભાઈ! દુનિયા તો માને કે પર જીવને ન હણો એટલે અહિંસા. અહી કહે છે-ભગવાન! તું પોતે પોતાને ન હણે અર્થાત્ જેવો તું ત્રિકાળી શુદ્ધ એક જ્ઞાનઘન પ્રભુ છે તેવો એને પોતાની દશામાં જાણવો, માનવો ને એમાં જ સ્થિર થઈ ઠરવું એનું નામ અહિંસા-દયા છે. અહા! આનંદના નાથમાં રમણતા કરવી એનું નામ ચારિત્ર છે; આ સિવાય બધાં થોથેથોથાં છે. આવી વાત છે.

*** ગાથા 276-277 : ભાવાર્થ ઉપરનું પ્રવચન ***

આચારાંગ આદિ શબ્દશ્રુતનું જાણવું, જીવાદિ નવ પદાર્થોનું શ્રદ્ધાન કરવું, તથા છ કાયના જીવોની રક્ષા-એ સર્વ હોવા છતાં અભવ્યને જ્ઞાન, દર્શન, ચારિત્ર નથી હોતાં, તેથી વ્યવહાર નય તો નિષેધ્ય છે;...'

જુઓ, આચારાંગ આદિ વીતરાગ સર્વજ્ઞદેવે કહેલા શબ્દશ્રુતનું જાણવું એ વ્યવહાર જ્ઞાન છે, સત્યાર્થ નહિ. ભગવાનને નામે આચારાંગ આદિ નામ પાડી પાછળથી જે કલ્પિત શાસ્ત્ર રચવામાં આવ્યાં છે એનું જ્ઞાન તો વ્યવહારેય જ્ઞાન નથી, એ તો બધું કુજ્ઞાન છે. અહીં તો એમ કહે છે કે-સત્શાસ્ત્રોનું જ્ઞાન, જીવાદિ નવ પદાર્થોનું શ્રદ્ધાન અને છ કાયના જીવોની દયાનો ભાવ-એ સર્વ હોવા છતાં અભવ્યને જ્ઞાન-દર્શન-ચારિત્ર નથી હોતાં. અભવ્ય જીવ જે છે તે તો મોક્ષને લાયક જ નથી; પણ ભવ્ય જીવ વ્યવહાર ચારિત્ર પાળે એમાંથી એને નિશ્ચય ચારિત્ર થાય ને?

તો કહે છે-એમ છે નહિ. પરાશ્રયે કોઈ દિ' ત્રણકાળમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય નહિં. પરાશ્રયે પરિણમે એને કાળલબ્ધિ આદિ હોય નહિ. સ્વ-આશ્રયે જ દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે અને સ્વ-આશ્રયે પરિણમે એને જ કાળલબ્ધિ આદિ હોય છે.

જો એમ છે તો કરવું શું? આમાં કરવાનું તો કાંઈ આવતું નથી.

અરે ભાઈ! જે કરવું છે તે બધું અંદરમાં છે; અર્થાત્ શુદ્ધ ચૈતન્યમય પોતાની આત્મવસ્તુમાં ઢળવું ને તેમાં જ ઠરવું બસ આ કરવું છે. આ સિવાય બીજું કરવું બધું મિથ્યા છે, સંસાર વધારવા માટે જ છે.

જુઓ, અહીં શું કહે છે? કે વ્યવહારનય નિષેધ્ય છે. બાપુ! આ વ્યવહાર જેટલો છે એ બધો નિષેધ કરવા લાયક છે, કેમકે એ બંધનું કારણ છે. તેથી તો તેને અહીં બંધ અધિકારમાં નાખ્યો છે. હવે કહે છે-

'અને શુદ્ધાત્મા હોય ત્યાં જ્ઞાન, દર્શન, ચારિત્ર હોય જ છે, તેથી નિશ્ચયનય વ્યવહારનો નિષેધક છે. માટે શુદ્ધનય ઉપાદેય કહ્યો છે.'

અહા! જેના જ્ઞાનમાં શુદ્ધાત્મા આવ્યો, દર્શનમાં શુદ્ધાત્મા આવ્યો ને રમણતામાં શુદ્ધાત્મા છે તેને શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય જ છે. તેથી નિશ્ચયનય વ્યવહારનો નિષેધક છે. સ્વના આશ્રયે નિશ્ચયનય વ્યવહારનો નિષેધક છે. સ્વના આશ્રયે નિશ્ચય જે છે એ પર-આશ્રયનો-વ્યવહારનો નિષેધક છે. હવે નિશ્ચય જ્યાં વ્યવહારનો નિષેધક છે અને વ્યવહાર નિષેધ્ય છે ત્યાં વ્યવહારથી નિશ્ચય થાય એ ક્યાં રહ્યું?

માટે શુદ્ધનય ઉપાદેય કહ્યો છે; અર્થાત્ શુદ્ધ એક જ્ઞાયકભાવસ્વરૂપ ભગવાન આત્મા જ એક આશ્રય કરવા યોગ્ય છે એમ સમજવું.

*(ક્રમશઃ)*

## -: વૈરાગ્ય વર્ષા :-

★ મનુષ્ય પ્રાણીની દુર્લભતા અને ઉત્તમતાને લઈને વિધિરૂપ મંત્રીએ તેની અનેક પ્રકારે રક્ષા કરી. દુષ્ટ પરિણામી નર્કના જીવોને અધો ભાગમાં રાખ્યા, લોકની ચારે તરફ અનેક મહાન અલંઘ્ય સમુદ્ર તથા તેની ચારે તરફ ઘનોદધિ, ઘન અને તનુ એ નામના ત્રણ પવનથી વીંટી વિસ્તીર્ણ કોટ કરી રાખ્યો અને વચ્ચે જતનથી મનુષ્ય-પ્રાણીને રાખ્યા. આટલા આટલા વિધિના પૂર્ણ જાપ્તા છતાં પણ મનુષ્ય-પ્રાણી મરણથી ન બચ્યાં. અહો ! યમરાજ અત્યંત અલંઘ્ય છે. *(શ્રી આત્માનુશાસન)*

★ જબ ઈન્દ્ર, ચંદ્ર આદિ ભી મરણ કે દ્વારા નિશ્ચય સે નાશ કિયે જાતે હૈં તબ ઉનકે મુકાબલે મેં કીટ કે સમાન અલ્પાયુવાલે અન્ય જન કી તો બાત હી ક્યા હૈ ? ઈસલિયે અપને કિસી પ્રિય કે મરણ હો જાને પર વૃથા મોહ નહીં કરના ચાહિયે. ઈસ જગત મેં તૂ ઐસા કોઈ ઉપાય શીઘ્ર ઢૂંઢ જિસસે કાલ અપના દાવ ન કર સકે. *(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

★ કરના ક્યા હૈ ઔર કરતા ક્યા હૈ ? યહ બાત અપને ધ્યાન મે નહીં રખતા ઔર ગાંઠ કી પૂંજી ખોકર ઉલ્ટી માર ખાતા હૈ અર્થાત્ માનવદેહ વ્યર્થ મેં ખો રહા હૈ. *(શ્રી બુધજન સત્સઈ)*

# મોક્ષમાર્ગ પ્રકાશકનો સાર

*મૂળ હિન્દી લેખક :* **ડૉ. પં. હુકમચંદજી ભારિલ્લ** *અનુવાદક :* **કાંતિભાઈ મોટાણી**

*(ગતાંકથી ચાલુ -* **પ્રવચન દસમું***)*

પંડિત ટોડરમલજીના સમયમાં નગ્ન દિગંબર મુનિરાજોની હયાતીનો કોઈ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી, તેથી એમ લાગે છે કે ઉપરનું કથન પોતાને મુનિરાજ કહેવાવાળા ભટ્ટારકોના સંદર્ભમાં જ હશે. જે પણ હોય તે....

આ ઉપરાંત પં. ટોડરમલજી બીજા કેટલાક ઉતારા પ્રસ્તુત કરે છે, જેમાં કુગુરુઓના નગ્ન-નાચનું સજીવ ચિત્રણ છે. તેમાંથી શ્વેતામ્બર ગ્રંથ ''સંઘપટ્ટ''નો એક છંદ આ પ્રમાણે છે-

**શાર્દૂલવિક્રિડિત**

**ક્ષુત્ક્ષામઃ કિલ કોપિ રંકશિશુકઃ પ્રવૃજ્ય ચૈત્યે ક્વચિત્।**
**કૃત્વા કિંચનપક્ષમક્ષતકલિઃ પ્રાપ્તસ્તદાચાર્યકમ્।।**
**ચિત્રં ચૈત્યગ્રહે ગૃહીયતિ નિજ ગચ્છે કુટુમ્બીયતિ।**
**સ્વં શક્રીયતિ બાલિશીયતિ બુધાન્ વિશ્વ વરાકીયતિ।।**

ઉપરના છંદમાં અત્યંત સ્પષ્ટરૂપથી એમ કહેવામાં આવ્યુ છે કે ભૂખથી પીડિત કોઈ રંકનું બાળક, કોઈ ચૈત્યાલયાદિમાં દીક્ષા ધારી, પાપરહિત ન હોવા છતાં, કોઈ પક્ષ વડે આચાર્યદેવ પ્રાપ્ત થયું; હવે તે ચૈત્યાલયમાં પોતાના ઘર સમાન પ્રવર્તે છે, પોતાના ગચ્છમાં કુટુંબસમા પ્રવર્તે છે, પોતાને ઇંદ્રસમાન મહાન માને છે, જ્ઞાનીજનોને બાળક સમાન અજ્ઞાની માને છે, તથા સર્વ ગૃહસ્થોને રંક સમાન માને છે. એ મહાન આશ્ચર્ય છે.

વળી ''ચૈર્જાતો ન ચ વર્દ્ધિતો ન ચ ન ચ ક્રિતો'' વિગેરે કાવ્ય છે તેનો અર્થ, જેનાથી જન્મ થયો નથી. વધ્યો નથી, મૂલ્ય આપી દીધો નથી, તથા દેણદાર થયો નથી. ઇત્યાદિ કોઈ પ્રકારનો સંબંધ નથી છતાં ગૃહસ્થોને બળદની માફક હાંકે છે, તથા જોરાવરીથી દાનાદિ લે છે, પણ હાય! હાય! આ જગત રાજા વડે રહિત છે, અર્થાત્ કોઈ ન્યાય પૂછવાવાળો નથી.''

આ ઉપરથી એવું અનુમાન સહજ જ થાય છે કે એ વખતના સમયમાં જૈન સમાજ કુગુરુઓથી કેટલો ત્રાસેલો હશે! આ સંદર્ભમાં ''પં. ટોડરમલઃ વ્યક્તિત્વ અને કર્તૃત્વ''માં આવેલ અંશ જોઈએ. ''જ્યારે સાંગાનેરમાં નરેન્દ્રકીર્તિ ભટ્ટારકનું ચાતુર્માસ હતું, ત્યારે તેના વ્યાખ્યાન વખતે અમરચંદ ગોદીકાનો પુત્ર (જોધરાજ) જે સિદ્ધાંતશાસ્ત્રોનો જાણકાર હતો, વચ્ચે વચ્ચે બહુ બોલતો હતો. તેને વ્યાખ્યાનમાંથી જુત્તા મારી કાઢી મુક્યો હતો. આથી ગુસ્સે થઈ અનાદિથી ચાલી આવતી તેર વાતોનું ઉત્થાપન કરી તેણે તેરાપંથ ચલાવ્યો.

આ જાતનો કઠોર વ્યવહાર ભટ્ટારકોના અનુયાયી શ્રાવક લોકો જ ફક્ત નો'તા કરતા,

પરંતુ ભટ્ટારક લોકો પોતે જ તેમાં પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષરૂપે સક્રિય રહેતા હતાં. તેઓ આવું કરવા માટે શ્રાવકોને માત્ર ઉશ્કેરતા જ ન હતા, પણ સ્પષ્ટ આદેશ આપતા હતા, તેમના દ્વારા લખેલ ટીકા ગ્રંથોમાં આ જાતનો ઉલ્લેખ મળી આવે છે.

સોળમી સદીના ભટ્ટારક શ્રુતસાગરસૂરિએ કુંદકુંદાચાર્યના મહાન પવિત્ર ગ્રંથ 'ષટપાહુડ'ની ટીકા કરતાં આ જાતની નિંદનીય વાતો લખી છે.

જયારે તેઓ જિનસૂત્રનું ઉલ્લંઘન કરે, ત્યારે આસ્તિકો તે યુક્તિયુક્ત વચનોથી તેનો નિષેધ કરે; છતાં પણ તેઓ કદાગ્રહ ન છોડે તો સમર્થ આસ્તિક તેના મોઢા પર વિષ્ટાથી લપેટી જોડો મારે, તેમાં જરા પણ પાપ નથી.

*(ષટ્પ્રાભૃત ટીકા-3)*

મોક્ષમાર્ગપ્રકાશકના કથનોને આવી સ્થિતિના સંદર્ભમાં જોવા જોઈએ. તે ઉપરાંત અષ્ટપાહુડની અનેક ગાથાઓનો આધાર નીચે પ્રમાણે આપેલ છે.

**સદ્ધર્મ કા હૈ મૂલ દર્શન જિનવરેન્દ્રોને કહા,**
**હે કાનવાલો સુનો દર્શનહીન વંદન યોગ્ય ના (૨)**
**જો જ્ઞાન-દર્શન ભ્રષ્ટ હૈ ચારિત્રસે ભી ભ્રષ્ટ હૈ,**
**વે ભ્રષ્ટ કરતે અન્ય કો વે ભ્રષ્ટ સે ભી ભ્રષ્ટ હૈ. (૮)**
**ચાહેં નમન દ્રગવન્તસે પર સ્વયં દર્શન હીન હોં,**
**હૈ બોધિદુર્લભ ઉન્હે ભી વે ભી વચન-કર હીન હોં, (૧૨)**
**જો લાજ ગારવ ઔર ભયવશ પૂજતે દ્રગભ્રષ્ટ કો,**
**કી પાપકી અનુમોદના ના બોધિ ઉનકો પ્રાપ્ત હો. (૧૩)**
**જિનલિંગ ધર કર પાપ કરતે પાપ મોહિતમતિ જો**
**વે ચ્યુત હુએ હૈં મુક્તિમગસે દુર્ગતિ દુર્મતિ હો (૧૮)**

ઉપરના છંદોમાં એ અત્યંત સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે જે વ્યક્તિ પોતે સમ્યગ્દર્શનથી રહિત છે, પરંતુ ક્રિયાકાંડના આધારે સમ્યગ્દ્રષ્ટિઓથી પોતાના પગ પૂજાવવા ઇચ્છે છે, તેને વાસ્તવિક રત્નત્રયની પ્રાપ્તિ દુર્લભ છે, અને ભવિષ્યમાં તેઓ મૂંગા અને લૂલા થશે. લૂલા-મૂંગાનો અર્થ એટલે કે તેઓ એકેન્દ્રિય વૃક્ષ થશે એટલે કે નિગોદ જશે. એકેન્દ્રિય જીવોને જીભ અને હાથ નથી હોતા. કારણ કે તેઓ વજ્ર મિથ્યાદ્રષ્ટિ છે અને મિથ્યાત્વનું ફળ અંતે નિગોદ જ છે.

12માં છંદમાં આમ કહ્યા પછી 13માં છંદમાં કહે છે કે જે જીવ લજ્જાથી, લોભથી અને ભયના કારણે મિથ્યાદ્રષ્ટિઓના ચરણોમાં ઝુકે છે, તેમને પણ તેની અનુમોદનાને કારણ રત્નત્રયની પ્રાપ્તિ નહિ થાય.

આ રીતે આપણે જોઈએ છીએ કે કુગુરુ પોતે તો સંસાર- સાગરમાં ડૂબે જ છે પણ સાથે પોતાના અનુયાયિઓના ભવભ્રમણ પણ વધારે છે. તેથી તેમનાથી દૂર રહેવું જ સારૂં. તેમની સેવામાં સમર્પિત થવું કે તેમનો વિરોધ કરી આપણી શક્તિ અને સમય વેડફવો યોગ્ય નથી કારણ કે મનુષ્ય જન્મ પામવો એ એટલું સહેલું નથી કે ગમે ત્યાં બર્બાદ કરી દઈએ.

*(ક્રમશઃ)*

<u>વાચક ગણને નમ્ર વિનંતી</u> – આપ આપના બદલાયેલા સરનામા કે અપૂરતા સરનામા અથવા શાબ્દિક રચનામાં કંઈપણ ક્ષતિ હોય અથવા જો આપને **'ગુરુપ્રસાદ'** માસિક એકથી વધારે કોપી આવતી હોય (જુના અને નવા બન્ને સરનામા ઉપર) તો ટેલીફોન દ્વારા કે પત્ર દ્વારા જાણ કરવા નમ્ર વિનંતી. ઘણી કોપીઓ પોસ્ટ દ્વારા 'અપૂરતા સરનામા' અને 'એડ્રેસ ચેન્જ' રીમાર્ક સાથે પાછી આવે છે જેનાથી સંસ્થાનું નુકશાન થાય છે.

# દ્રષ્ટિનો વિષય

(પૂજ્ય ગુરુદેવશ્રીનાં 'દ્રષ્ટિનો વિષય' પરના પ્રવચનોનું પુસ્તકરૂપે સંકલન)

*મૂળ હિન્દી લેખક :* **ડૉ. પં. હુકમચંદજી ભારિલ્લ** *ગુજરાતી અનુવાદ :* **રજનીભાઈ ગોસલીયા** *(અમેરિકા)*

## પ્રકરણ ૪

# પર્યાયનું વાસ્તવિક સ્વરૂપ

- જ્યાં સુધી આપણે પર્યાયનું લક્ષણ નહીં સમજીએ, ત્યાં સુધી આપણે પર્યાયને ઓળખી શકીશું નહીં. દ્રષ્ટિના વિષયમાં જે પર્યાયને સામેલ કરવાની નથી, એ પર્યાયનો સમ્યક્ અર્થ આપણે સમજવો ખૂબ જ આવશ્યક છે.
- પર્યાયાર્થિકનયનો વિષય જે-જે વસ્તુ બને છે, તે બધાનું નામ પર્યાય છે; કારણ કે જે વસ્તુ પર્યાયાર્થિકનયનો વિષય છે, તે બધાની પર્યાય સંજ્ઞા છે અને જે વસ્તુ દ્રવ્યાર્થિકનયનો વિષય છે, તે બધાની દ્રવ્ય સંજ્ઞા છે.
- જેને આપણે દ્રષ્ટિનો વિષય કહીએ છીએ અને તેને પર્યાયથી પણ ભિન્ન કહીએ છીએ; તે પર્યાયનો અર્થ છે કે જે પર્યાયાર્થિકનયનો વિષય છે, તે પર્યાય છે, ભલે તે દ્રવ્ય હો, ગુણ હો કે પર્યાય હો.
- છઠ્ઠી ગાથામાં પ્રમત્ત-અપ્રમત્ત દશાઓથી અને સાતમી ગાથામાં ગુણભેદથી ભિન્નતાની વાત કહી છે.

આ બન્ને ગાથાઓમાં પર્યાયથી ભિન્નતાની જ વાત છે; કારણ કે પ્રમત્ત અને અપ્રમત્ત દશાઓ તો પર્યાયો છે જ, સાથે ગુણભેદ પણ પર્યાય જ છે, કારણ કે તે પણ પર્યાયાર્થિક નયનો વિષય છે.

- આ વાતને ધ્યાનમાં રાખવી બહુ જરૂરી છે કે પર્યાયને દ્રષ્ટિના વિષયમાંથી કાઢી છે, વસ્તુમાંથી નહીં; તથા ગૌણના અર્થમાં જ પર્યાયના અભાવની વાત કહી છે, સર્વથા અભાવના અર્થમાં નહીં.
- આ જ સંબંધમાં 'સમયસાર અનુશીલન'નું નીચેનું કથન દ્રષ્ટવ્ય છે :-

''વસ્તુના સામાન્ય અને વિશેષ - એ બે રૂપ દ્રવ્યની અપેક્ષાએ છે, ભેદ અને અભેદ - એ બે રૂપ ક્ષેત્રની અપેક્ષાએ છે, નિત્ય અને અનિત્ય - એ બે રૂપ કાળની અપેક્ષાએ છે તથા એક અને અનેક એ બે રૂપ ભાવની અપેક્ષાએ છે.

જેવી રીતે ગુણોનો અભેદ દ્રવ્યાર્થિકનયનો વિષય છે અને ગુણભેદ પર્યાયાર્થિકનયનો, પ્રદેશોનો અભેદ દ્રવ્યાર્થિકનયનો વિષય છે અને પ્રદેશભેદ પર્યાયાર્થિકનયનો, દ્રવ્યનો અભેદ

(સામાન્ય) દ્રવ્યાર્થિકનયનો વિષય છે અને દ્રવ્યભેદ (વિશેષ) પર્યાયાર્થિકનયનો; તેવી જ રીતે કાળ (પર્યાયો)નો અભેદ દ્રવ્યાર્થિકનયનો વિષય થાય છે અને કાળભેદ (પર્યાય) પર્યાયાર્થિકનયનો વિષય બને છે.

અહીં જે જે પર્યાયાર્થિકનયના વિષયો છે, તે સર્વને પર્યાય સંજ્ઞા છે અને જે જે દ્રવ્યાર્થિકનયના વિષયો છે, તે સર્વને દ્રવ્ય સંજ્ઞા છે.

લોકો કહે છે કે જેમ ગુણ-ભેદને (દ્રષ્ટિના વિષયમાંથી) કાઢી નાખ્યો છે અને ગુણોને રાખી લીધા છે, તેવી જ રીતે પર્યાયોના ભેદને કાઢી નાખો અને પર્યાયને રાખી લો. તો હું કહું છું કે અરે ભાઈ ! તે પર્યાયનું મૂળ નામ તો કાળ છે. તે કાળના ભેદને તો દ્રષ્ટિના વિષયમાંથી કાઢ્યો છે અને કાળના અભેદને દ્રષ્ટિના વિષયમાં રાખ્યો છે. નિત્યતા કાળનો અભેદ છે, તેને દ્રષ્ટિના વિષયમાંથી કાઢ્યો નથી.

આ વિષે લોકો ખોટું સમજે છે કે ગુણ અને પ્રદેશો સાથે પક્ષપાત કર્યો છે; કારણ કે ગુણભેદ અને પ્રદેશભેદ તો સમ્મિલિત ન કર્યાં, પરંતુ ગુણો અને પ્રદેશોને રાખ્યા છે, જ્યારે પર્યાયને બધી રીતે બહાર કાઢી નાખી છે.

પરંતુ એમ નથી ભાઈ સાહેબ ! જે રીતે દ્રવ્યના ભેદને બહાર કાઢ્યો છે અને દ્રવ્યનો અભેદ સમ્મિલિત કર્યો છે, ક્ષેત્રના ભેદને બહાર કાઢ્યો છે અને ક્ષેત્રનો અભેદ સમ્મિલિત કર્યો છે, ગુણોના ભેદને બહાર કાઢ્યો છે અને ગુણોનો અભેદ સમ્મિલિત કર્યો છે; તે જ રીતે કાળના ભેદને બહાર કાઢ્યો છે, પરંતુ કાળનો અભેદ દ્રષ્ટિના વિષયમાં સમ્મિલિત કર્યો છે.

કાળનો ભેદ, પ્રદેશનો ભેદ, ગુણનો ભેદ અને દ્રવ્યનો ભેદ એ ચારેયનું નામ પર્યાય છે, પરંતુ **કાળના અભેદનું નામ પર્યાય નથી.** લોકોએ માત્ર પર્યાયના નામ પર કાળના અભેદને તો દ્રષ્ટિના વિષયમાંથી બહાર કાઢી નાખ્યો અને બાકીના ત્રણને સમ્મિલિત કરી લીધા; પરંતુ કાળનો અભેદ તો સમ્મિલિત કરવાનો હતો, તે કાળના અભેદને પણ કાઢી નાખીને સમજવા લાગ્યા કે અમે પર્યાયોથી પણ પાર, પર્યાયોથી ભિન્ન દ્રષ્ટિનો વિષય પ્રાપ્ત કરી લીધો છે; ખરેખર તેઓ ઘણી મોટી ભૂલમાં છે.

'પર્યાય'માં કાળનો અભેદ સામેલ નથી અને પ્રદેશનો ભેદ, ગુણનો ભેદ, દ્રવ્યનો ભેદ અને તથા કાળનો ભેદ - એ ચારેય ભેદ પર્યાયમાં સામેલ છે. પર્યાયનો આ જ વાસ્તવિક અર્થ છે.

જયારે આપણે પર્યાયને દ્રષ્ટિના વિષયમાંથી હટાવવી છે, તો આપણે તે પર્યાયનું વાસ્તવિક સ્વરૂપ જાણવું પણ જરૂરી છે અને આપણે જે ગુણોને દ્રષ્ટિના વિષયમાં અભેદપણે રાખવા છે, તે ગુણોનું વાસ્તવિક સ્વરૂપ જાણવું પણ જરૂરી છે; કારણ કે વસ્તુને સ્વરૂપ (લક્ષણ)થી જ ઓળખી શકાય છે.

શાસ્ત્રોમાં ગુણોને પણ પર્યાય નામથી અભિહિત કરવામાં આવે છે. પર્યાય બે પ્રકારની હોય છે : (1) સહભાવી પર્યાય અને (2) ક્રમભાવી પર્યાય. ગુણને સહભાવી પર્યાય કહે છે અને પર્યાયને ક્રમભાવીપર્યાય કહે છે. આથી પર્યાયના નામે આપણે બધી પર્યાયોને દ્રષ્ટિના વિષયમાંથી કાઢી નાખી શકતા નથી.

*(ક્રમશઃ)*

# પ્રવચનસારનો સાર

મૂળ હિન્દી લેખક : **ડૉ. પં. હુકમચંદજી ભારિલ્લ** અનુવાદક : **કાંતિભાઈ મોટાણી**

*(ગતાંકથી ચાલુ - **પ્રવચન બાવીસમું**)*

**ગતાંકનું અનુસંધાન મેળવવા** *(બાળપણ ચાલ્યું ગયું હોય, ગંભીરતા આવી ગઈ હોય, શરીર વધારે શિથિલ ન થયું હોય જેથી ઊઠવા-બેસવામાં તકલીફ ન હોય - આ રીતે મુનિરાજની શરીર અને મનની સ્થિતિ અનુસાર ઉત્સર્ગ અને અપવાદમાર્ગની મૈત્રી હોવી જોઈએ. 'મુનિરાજે આચરણમાં શું કરવું અને શું ન કરવું' તેનો નિર્ધાર કાં તો મુનિરાજ પોતે કરે છે અથવા તેમના આચાર્ય કરે છે. (ક્રમશઃ)*

શાસ્ત્રોમાં તો એમ પણ આવે છે કે આચાર્ય એક સરખી ભૂલ માટે બે મુનિરાજોને અલગ અલગ પ્રાયશ્ચિત આપે છે. કોઈ મુનિરાજને એવી જે ભૂલ માટે 4 દિવસના ઉપવાસ કરવાનું કહે છે, બીજાને તેવીજ ભૂલ માટે દરરોજ આહાર લેવાનું કહે છે. આવું એટલા માટે કરવામાં આવે છે કે જેમને ઉપવાસ કરવાનું કહ્યું હતું તે યુવાન હતા તેથી આહાર લીધા પછી સામાયિકમાં ઊંઘ આવી ગઈ હતી તેમજ બીજા મુનિરાજ થોડા વૃદ્ધ હતા, તેમની કમરમાં દર્દ હોવાથી ઊઠવા-બેસવામાં-ચાલવામાં તકલીફ થતી હતી અર્થાત્ તેમને નબળાઈ આવી ગઈ હતી તેથી તેમને સામાયિકમાં ઊંઘ આવી ગઈ હતી, તેથી તેમને દરરોજ આહાર લેવાનું કહ્યું હતું. જો કે બન્નેના અપરાધ એક જેવા હતા છતાં તેમને શિક્ષા અલગ-અલગ આપવામાં આવી. તેથી આચાર્ય એવું આચરણ કરાવે છે જેનાથી ઉત્સર્ગ અને અપવાદમાર્ગમાં મૈત્રી બની રહે.

દેશકાળને જાણનારાને પણ, આ બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાનત્વના અનુરોધથી આહાર-વિહારમાં મૃદુ આચરણમાં પ્રશ્ન થતાં અલ્પલેપ તો થાય છે જ, લેપનો સર્વથા અભાવ થતો નથી; તેથી ઉત્સર્ગ સારો છે.

દેશકાળને જાણનારને પણ જો તે બાળ-વૃદ્ધ-શ્રાંત-ગ્લાનત્વના અનુરોધથી, આહાર-વિહાર છે, તેનાથી થનારા અલ્પલેપના ભયથી તેમાં પ્રવૃત્તિ ન કરે તો અતિ કર્કશ આચરણરુપ થઈ અક્રમથી શરીરપાત કરી દેવલોક પ્રાપ્ત કરીને જેણે સમસ્ત સંયમામૃતનું સમૂહ વમન કરી નાખ્યું છે, તેને તપનો અવકાશ નહિ રહેવાથી, જેનો પ્રતિકાર અશક્ય છે - એવો મહાન લેપ થાય છે; તેથી અપવાદ નિરપેક્ષ ઉત્સર્ગ શ્રેયસ્કર નથી.

દેશકાળ જાણનારને પણ, જો તે બાળક-વૃદ્ધ-શ્રાંત-ગ્લાનત્વના અનુરોધથી આહાર-વિહારથી થનારા અલ્પલેપને ન ગણતા તેમાં યથેષ્ટ પ્રવૃત્તિ કરે તો અપવાદથી થનારા અલ્પલેપને ન ગણતા તેમાં યથેષ્ટ પ્રવૃત્તિ કરે તો અપવાદથી થનારા અલ્પબંધ પ્રતિ અસાવધાન થઈ ઉત્સર્ગરુપ દયેયને ચૂકી અપવાદમાં સ્વચ્છંતાપૂર્વક પ્રવર્તે તો, મૃદુ આચરણરુપ થઈને સંયમ વિરોધીને જેનો

પ્રતિકાર અશક્ય છે - એવો મહાન લેપ થાય છે; તેથી ઉત્સર્ગ નિરપેક્ષ અપવાદ શ્રેયસ્કર નથી.

ઉત્સર્ગ અને અપવાદના વિરોધથી થનારા આચરણનું દુઃસ્થિતપણું સર્વથા નિષેધ્ય છે; તેથી પરસ્પર સાપેક્ષ ઉત્સર્ગ અને અપવાદથી જેની વૃત્તિ પ્રગટ થઈ છે - એવો સ્યાદ્‌વાદ સર્વથા અનુસરવા યોગ્ય છે.

આ ગાથા સાથે જ આચરણપ્રજ્ઞાપન નામનો અધિકાર સમાપ્ત થાય છે, ત્યાર પછી ગાથા 232થી મોક્ષમાર્ગપ્રજ્ઞાપન અધિકાર શરુ થાય છે. આ અધિકારની વિશેષતા એ છે કે આ અધિકારનું નામ મોક્ષપ્રજ્ઞાપન છે, પણ તેમાં આચાર્યશ્રીએ જોર સ્વાધ્યાય પર આપ્યું છે. ગાથા આ પ્રમાણે છે -

**શ્રામણ્ય જ્યાં ઐકાગ્ર્ય, ને ઐકાગ્ર્ય વસ્તુનિશ્ચયે,**
**નિશ્ચય બને આગમ વડે, આગમપ્રવર્તન મુખ્ય છે. ૨૩૨**

શ્રમણને એકાગ્રતા પ્રાપ્ત થાય છે, એકાગ્રતા પદાર્થોના નિશ્ચયવાનને હોય છે, પદાર્થોનો નિશ્ચય આગમ દ્વારા થાય છે, તેથી આગમમાં વ્યાપાર મુખ્ય છે.

આ ગાથામાં એમ કહ્યું કે શ્રમણ એકાગ્રતાવાળા હોય છે.

એકાગ્રતામાં 'એક'નો અર્થ ત્રિકાળીધ્રુવ ભગવાન આત્મા છે અને અગ્રતાનું તાત્પર્ય જેમની તરફ ઉપયોગની મુખ્યતા છે. એ રીતે એકાગ્રતાનું તાત્પર્ય ત્રિકાળીધ્રુવ આત્માની તરફ ઉપયોગ કરવો તે છે. એકાગ્રતા વગર શ્રમણતા અર્થાત્ મુનિપણું નથી હોતું. એકાગ્રતા જેણે પદાર્થને બરાબર જાણ્યો હોય તેને હોય છે. જેણે વસ્તુનું સ્વરુપ જ નથી જાણ્યું તેને એકાગ્રતા થઈ શકે નહિ. પદાર્થોનો નિશ્ચય આગમથી જ થાય છે.

આ રીતે આ ગાથામાં આચાર્યશ્રીએ સ્વાધ્યાય પર જોર આપ્યું છે. આ એક એવી ગાથા છે, જેને દીવાલો પર લખાવવી જોઈએ. મને પણ આ ગાથા એટલી બધી પ્રિય લાગી કે મેં તેનું સંકલન કુંદકુંદશતકમાં પણ કર્યું છે.

આ પછી 'આગમહીનને કર્મક્ષય નથી થતો' તેનું પ્રતિપાદન કરનારી ગાથા 233 આ પ્રમાણે છે.

**આગમરહિત જે શ્રમણ તે જાણે ન પરને, આત્મને;**
**ભિક્ષુ પદાર્થ-અજાણ તે ક્ષય કર્મનો કઈ રીત કરે ? ૨૩૩**

આગમહીન શ્રમણ આત્માને (નિજને) અને પરને નથી જાણતો. પદાર્થોને નહિ જાણતો થકો ભિક્ષુ કર્મોનો કઈ રીતે ક્ષય કરે ?

આ ગાથામાં એમ કહ્યું છે કે જે શ્રમણ આગમહીન છે, તે ખરેખર પોતાના આત્માને જાણતો નથી અને ન પરને જાણે છે તથા જે આત્માને નથી જાણતો, તે કર્મોનો નાશ કેવી રીતે કરશે ? તેથી આગમનો સ્વાધ્યાય કરવો તે જ સર્વશ્રેષ્ઠ છે.

ત્યારપછી 'મોક્ષમાર્ગ પર ચાલવાવાળાને આગમ જ એક ચક્ષુ છે' તેવો ઉપદેશ કરનારી ગાથા 234 -

**મુનિરાજ આગમચક્ષુ ને સૌ ભૂત ઇન્દ્રિયચક્ષુ છે,**
**છે દેવ અવધિચક્ષુ ને સર્વત્રચક્ષુ સિદ્ધ છે. ૨૩૪**

સાધુ આગમચક્ષુ છે, સર્વ પ્રાણી ઇંદ્રિયચક્ષુ

છે, દેવ અવધિચક્ષુ છે અને સિદ્ધ સર્વતઃચક્ષુ છે.

આ ગાથામાં એમ કહ્યું કે સાધુ આગમચક્ષુ છે અને આખી દુનિયા ઇંદ્રિયચક્ષુ છે. આખું જગત તો આંખોથી દેખનારું છે અને સાધુ આગમથી જીવે છે, જો આગમમાં લખ્યું હોય કે બટેટામાં અનંતા જીવ હોય છે તે બટેટામાં અનંતા જીવ હોય જ છે, સાધુ તેની તપાસ કરવા જતા નથી. આ રીતે સાધુ આગમના આધારે પોતાનું આચરણ કરે છે તેથી તેઓ આગમચક્ષુ છે.

આ ગાથાની ટીકાની છેલ્લી લીટીમાં લખ્યું છે કે મુમુક્ષુઓએ બધું જ આગમચક્ષુ દ્વારા જ જોવું જોઈએ, કારણકે આપણે બધા મુમુક્ષુ છીએ. મુમુક્ષુઓએ આગમના આધારે નિર્ણય કરવો જોઈએ.

આ પછી આગમચક્ષુથી બધું જ દેખાય છે તે બતાવનારી ગાથા 235 આ પ્રમાણે છે -

**સૌ ચિત્ર ગુણપર્યાયયુક્ત પદાર્થ આગમસિદ્ધ છે,**
**તે સર્વને જાણે શ્રમણ એ દેખીને આગમ વડે. ૨૩૫**

બધાજ પદાર્થો અનેક પ્રકારની ગુણ-પર્યાયો સહિત આગમસિદ્ધ છે. તેને પણ શ્રમણ આગમ દ્વારા વાસ્તવમાં દેખીને જાણે છે.

આ ગાથામાં કહ્યું છે કે બધા પદાર્થો - દ્રવ્ય-ગુણ-પર્યાય આગમથી જ સિદ્ધ છે, આગમ વગર આપણે એ પણ નક્કી કરી શકતા નથી કે શું ભક્ષ્ય છે અને શું અભક્ષ્ય છે.

અરે ભાઈ ! જુદા જુદા ખાદ્ય-અખાદ્ય પદાર્થોની જાણકારી આપણને જુદા-જુદા આગમો દ્વારા પ્રાપ્ત થાય છે. આપણે શું ખાવું અને શું ન ખાવું તેનો નિર્ધાર આપણા જ્ઞાનથી ન કરી શકીએ. હવે જો આપણે આગમને જ ન માનીએ તો એ પણ ન કહી શકીએ કે 24 તીર્થંકર થયા છે. ઘણી ખરી વાતો આપણે એવી પણ માનીએ છીએ જેને આપણા પૂર્વજોએ બતાવી હોય, જેને આપણે જોયા પણ નથી. જો આપણે આગમને નહિ માનીએ તો આપણે એ પણ નહિ બતાવી શકીએ કે આપણા બાપ-દાદા પણ હતા.

અરે ભાઈ ! પૂર્વજો દ્વારા બતાવેલી વાતને જ આગમ કહેવાય છે. લૌકિક મામલામાં પણ આગમ છે. આગમથી જ સમસ્ત નિર્ણય થાય છે, તેથી મુમુક્ષુઓ એ પણ આગમચક્ષુ થવું જોઈએ.

આત્મજ્ઞાન મોક્ષમાર્ગનું સાધકતમ - એ કહેનારી ગાથા 238-

**અજ્ઞાની જે કર્મો ખપાવે લક્ષ કોટી ભવો વડે,**
**તે કર્મ જ્ઞાની ત્રિગુપ્ત બસ ઉચ્છ્વાસમાત્રથી ક્ષય કરે. ૨૩૮**

જે કર્મ અજ્ઞાની લાખ-કરોડ ભવોમાં ખપાવે છે તે કર્મો જ્ઞાની ત્રણ પ્રકારે (મન-વચન-કાયાથી) ગુપ્ત હોવાથી ઉચ્છ્વાસમાત્રમાં ખપાવે છે.

છઃ ઢાળાની ચોથી ઢાળમાં પણ આ જ વાત કરી છે.

**કોટીજન્મ તપ તપે, જ્ઞાનબિન કર્મ ઝરૈં જે**
**જ્ઞાની કે છિનમાઁહિ ત્રિગુપ્તિ તૈ સહજ ટરૈ તે.**

આગમજ્ઞાની આત્મજ્ઞાની તો હોય જ છે. તે આગમજ્ઞાન પણ આત્મજ્ઞાન માટે જ હોય

છે, કારણકે જો આત્મજ્ઞાન ન કરવું હોય તો આગમજ્ઞાનની પણ શું જરુર છે ? મોક્ષમાર્ગ પર ચાલવા માટે આગમજ્ઞાન અત્યંત જરુરી છે. ત્યારપછી આત્મજ્ઞાનશૂન્યનું આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન બધું અકિંચિત્કર છે - તે બતાવનારી ગાથા 239 આ પ્રમાણે છે -

**અણુમાત્ર પણ મૂર્ચ્છા તણો સદ્‌ભાવ જે દેહાદિકે,**
**તો સર્વ આગમધર ભલે પણ નવ લહે સિદ્ધત્વને. ૨૩૯**

અને જેને શરીરાદિ તરફ પરમાણુમાત્ર પણ મૂર્છા વર્તતી હોય તો ભલે તે સર્વ આગમ જાણતો હોય તો પણ સિદ્ધિને પ્રાપ્ત નહિ થાય.

આગમની મહિમા ગાતાં ગાતાં આચાર્યદેવ સાવધાન કરતાં કહે છે કે સર્વાગમનાધારી હોવા છતાં દેહાદિ પ્રતિ પરમાણુમાત્ર પણ મૂર્ચ્છા છે તો તે સિદ્ધિને પ્રાપ્ત નહિ કરી શકે. મૂર્ચ્છાનો અર્થ મમત્વ પરિણામ - એકત્વબુદ્ધિ - મમત્વબુદ્ધિ.

અહીં એક વાત ધ્યાન દેવા જેવી છે. આચાર્યદેવે દેહાદિ પ્રત્યે મૂર્ચ્છા પર વજન આપેલ છે. ત્યાંસુધી કે રાગાદિ પ્રતિ મૂર્ચ્છાની વાત પણ નથી કરી. જો દેહાદિમાં મૂર્છા છે એટલે મૂર્ચ્છામાં પણ મૂર્ચ્છા છે. અને જો દેહાદિ તરફ મૂર્ચ્છાનો નિષેધ થઈ ગયો વિકારી પર્યાય અર્થાત્ રાગાદિ પ્રત્યે પણ મૂર્ચ્છાનો નિષેધ થઈ ગયો. અને પરનો પણ નિષેધ થઈ ગયો.

તાત્પર્ય એ છે કે આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન સાથે આત્મજ્ઞાન હોવું જરુરી છે. *(ક્રમશઃ)*

**-: દિલગીરી :-**

**સ્થળ સંકોચના કારણે આ અંકમાં ‘છ ઢાળા પ્રવચન’, ‘બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન’, ‘નાટક સમયસાર’ તથા ‘સમ્યક્‌જ્ઞાન ચંદ્રિકા’ સ્તંભનો સમાવેશ થઈ શક્યો નથી તે બદલ દિલગીર છીએ.** - *તંત્રી*

## દેવલાલી, કહાનનગર મધ્યે
## સને ૨૦૧૨ના કાર્યક્રમોની સામાન્ય રૂપરેખા

- તા. ૧૦-૧૧-૨૦૧૨ શનિવારથી તા. ૧૪-૧૧-૨૦૧૨ બુધવાર શ્રી દિપાવલી પ્રસંગે ભગવાન મહાવીર નિર્વાણોત્સવ તથા તે નિમિત્તે પૂજન વિધાન-શિબિર.
  સૌજન્ય : શ્રીમતિ મંજુલાબેન ચીમનલાલ શાહ તથા શ્રીમતિ સુનિતાબેન નિતિનભાઈ શાહ
- તા.૨૦-૧૧-૨૦૧૨ મંગળવારથી ૨૮-૧૧-૨૦૧૨ બુધવાર (નવ દિવસ) શ્રી કારતક માસ નંદિશ્વરદ્વિપ અષ્ટાન્હિકા પર્વ.
  સૌજન્ય : શ્રી રમણીકભાઈ સાવલા સ્વાધ્યાય પરિવાર દેવલાલી.

**-: અન્ય વિશેષ કાર્યક્રમ :-**

- કારતક વદ-૭ બુધવાર તા. ૫-૧૨-૨૦૧૨ પૂજ્ય કહાન ગુરુદેવ શ્રી સમાધિદિન (વિ.સ. ૨૦૩૭) ૩૨મી પુણ્ય તિથિ.

*નોંધ : વર્ષ દરમિયાન ૫ દિવસીય આધ્યાત્મિક વિશેષ શિબિરોનું આયોજન અવારનવાર થતું રહે છે તેની જાહેરાત યથા સમય કરવામાં આવે છે. આ આખા વર્ષના કાર્યક્રમની સામાન્ય રૂપરેખા આપી છે સંજોગોનુસાર ફેરફારોને આધિન છે.*

# શ્રી દિગંબર જૈન તીર્થ દર્શન

સંકલનકર્તા - કાંતિભાઈ ભાયાણી

*(ગતાંકથી ચાલુ - **મઢીયાજી (જબલપુર)- અતિશયક્ષેત્ર**)*

## મઢીયાજી (જબલપુર)- અતિશયક્ષેત્ર ભેડાઘાટ-પર્યટન સ્થળ

આ સ્થળ એક પર્યટન સ્થળ છે કે જે મઢીયાજીની તદન પાસે આવેલું છે. મઢીયાજીથી બસમાં જતાં ફક્ત 20 મિનિટ થાય છે. છેક ત્યાં સુધી બસ જઈ શકે છે. રસ્તામાં પહેલા ચઢાણ આવે છે અને પછી એકદમ ઢાળ આવે છે. રસ્તમાં ફરતી ચારે તરફ ખૂબ જ લીલી ઝાડી આવે છે. બસ પાર્કીંગ સ્ટેન્ડમાં ઉભી રાખવાની હોય છે. ત્યાંથી ચાલતાં જવાનું છે. ફક્ત 10-15 મિનિટ ચાલવાનું છે. આ પર્યટન સ્થળે ઘણા લોકો ફરવા આવે છે. આ સ્થળે આવનારા વાહનો કે વ્યક્તિ પાસેથી કર લેવામાં આવે છે. અહીં ખાણી-પાણીની ચીજોના ઘણા મોટા સ્ટોલ લાઈનબંધ છે. જુદી-જુદી પથ્થરની આકૃતિ હોય, તેમાં વચ્ચે આપણું નામ કોતરાવવુ હોય તો તાત્કાલિક અંગ્રેજીમાં નામ કોતરીને તેમાં રંગ પૂરીને આપે છે. અલગ-અલગ ભાવ પ્રમાણે અલગ-અલગ આકૃતિઓ મળે છે. નાના-મોટા સાત હાથીની સીરીઝ આરસ જેવા દેખાતા નરમ સફેદ પથ્થરમાં પણ મળે છે. બે ભાવ બહુ જ કરે છે. તેથી અહીંથી ખરીદી કરતી વખતે ખાસ ધ્યાન રાખવુ.

અહીં ખાસ જોવાનું તો પાણીનો મોટો ધોધ છે. પહાડો વચ્ચેથી જોરદાર પાણી વહે છે- તે જોવાનું છે. અમરકંટકથી નર્મદા નદી વહેતી-વહેતી અહીં આવે છે. ધોધ એટલે કોઈ ઉચા પહાડો ઉપરથી જોરદાર પાણીનો ધોધ પડે છે તેવું નથી. પણ આજુબાજુ નાનકડી ટેકરી જેવું છે. તે બે ટેકરીની વચ્ચેથી ચોવીસ કલાક ખૂબ જોરથી પાણી વહે છે તે દૃશ્ય જોવાનું છે. ખળખળ પાણી આખો દિવસ અને રાત વહેતુ રહે છે. તે પાણીના છાંટા ફુવારાની જેમ દૂર-દૂર સુધી ઊડે છે. નાનકડો ગોઠણ સુધીનો પુલ છે.તેની ઉપર ચાલીને ત્યાં છેક ધોધ સુધી જઈ શકાય છે. પણ તે પુલ ઉપર કે તેની આસપાસમાં ખૂબ જ લીલ હોય છે. તેથી લપસણુ ખૂબ જ હોય છે. તો ત્યાં લપસી ન પડાય તેની ખાસ કાળજી રાખવી જરૂરી છે. ખબર હોય છતાંય ત્યાં બે-ચાર જણા લપસીને પડી ગયા હતા. જો કે પાણી તો માંડ ગોઠાણ સુધી જ હતુ. થોડે દૂર જતાં ત્યાં પાણી વધારે હોય છે. ત્યાં ઘણા લોકો ન્હાવા માટે-તરવા માટે પડે છે.

અહીં ખાવા-પીવાની ચીજો- ચા, કોફી, ઠંડા પીણા, ઈડલી, ઘણી જાતના બિસ્કીટ વ્યાજબી ભાવે મળે છે. તે સિવાય અહીં નૌકાવિહાર પણ ચાલે છે. જેમાં 20 થી 25 મિનિટ સુધી નૌકામાં ફેરવે છે. તે સિવાય દૂર-દૂર જેને વધારે ફરવુ હોય તેમને વધુ ચાર્જ લઈને ફેરવે છે. ત્યાંથી ઘણા સ્થળો જેવા કે (1) પંચમુખી હનુમાન (2) નર્મદા મંદિર (3) ગુપ્ત ભંડાર (4) ત્રિવેણી સંગમ (5) સરસ્વતિ ઘાટ (6) હંસતીર્થ સ્થળ, વિગેરે સ્થળે વધુ ચાર્જ લઈને નૌકાવાળા ફેરવવા લઈ જાય છે.

*(ક્રમશઃ)*

# द्रव्यदृष्टि और उसका विषय

(ગતાંકમાં 'દ્રષ્ટિનો વિષય' -વિશેષાંકમાં સ્થળ સંકોચના કારણે બાકી રહેલો શેષ ભાગ અત્રે પ્રસ્તુત કરીએ છીએ.)

– डॉ. राकेशकुमार जैन, शास्त्री, *जैनदर्शनाचार्य, नागपुर*

जैनधर्म के अनुसार सम्यग्दर्शन को मोक्षमार्ग में अत्यन्त महत्त्वपूर्ण स्थान प्राप्त है। जिस प्रकार द्वार के बिना महल में प्रवेष नहीं किया जा सकता, बीज के बिना वृक्ष की उत्पत्ति सम्भव नहीं है; उसी प्रकार सम्यग्दर्शन के बिना मोक्ष एवं मोक्षमार्ग को प्राप्त नहीं किया जा सकता है। जिस प्रकार तारा.मण्डल में चन्द्रमा, मुख.मण्डल में चक्षु, पषुओं में सिंह प्रधान हैं; उसी प्रकार समस्त धर्मो, आराधनाओं, रत्नत्रय आदि में सम्यग्दर्शन को प्रधान माना गया है।

ऐसे सम्यग्दर्शन को प्राप्त करने की विधि क्या है? सम्यग्दर्शन को प्राप्त करने के लिए किसका आश्रय लेना चाहिए ? कैसी दृष्टि करने से सम्यग्दर्शन प्राप्त होता है ? - इत्यादि विशयों को निश्चय-व्यवहारनयों के माध्यम से जानना अत्यन्त आवश्यक है।

जैसे, समयसार में कहा है - **'भूतार्थ से जाने हुए जीव.अजीव, पुण्य.पाप, आस्रव.संवर.निर्जरा और बन्ध.मोक्ष – ये नौ पदार्थ सम्यग्दर्शन ही हैं।'**; समयसार, गाथा १३- तथा इसी गाथा के पूर्व आत्मख्याति टीका में आचार्य अमृतचन्द्रदेव ने कहा है - **'शुद्धनय के द्वारा भिन्न आत्मज्योति को सम्यग्दर्शन के माध्यम देखने की बात कही है, जो नौ तत्त्वों में व्याप्त होते हुए भी अपने एकत्व को नहीं छोड़ती है।'**; समयसार, कलष १३ - इन सब आगम-वचनों का क्या तात्पर्य है? - यह जानना बहुत जरूरी है।

तात्पर्य यह है कि उस भिन्न आत्मज्योति को प्राप्त करने के लिए कोई विषेश आध्यात्मिक उपाय ही करना आवष्यक है। साधारणतया नौ तत्त्वों को जानकर या विकल्पात्मक श्रद्धान करके उस आत्मज्योति को प्राप्त करना सम्भव नहीं है। नियमसार ग्रन्थ में तो **भेदरूप जीवादि नौ तत्त्वों या व्यावहारिक नौ पदार्थों आदि को बाह्यतत्त्व, परस्वभाव, हेय और परद्रव्य तक कह दिया गया है तथा उनसे भिन्न अपनी आत्मा को संसार में स्थित होने पर भी सिद्धस्वभाव कहकर उपादेय और अन्तस्तत्त्व कहा है।**; देखें, नियमसार गाथा ३८, ४९, ५० आदि -

यदि हम समयसार आदि अध्यात्म ग्रन्थों की तत्त्वार्थ.प्ररूपणा पर ध्यान से दृष्टिपात डालते हैं तो हमें ज्ञात होता है कि **'जिस प्रकार छह द्रव्यों में मेरा जीवद्रव्य, बाकी सभी द्रव्यों एवं अन्य जीवों से भिन्न है; जिस प्रकार पाँच अस्तिकायों में मेरा जीवास्तिकाय, सभी अस्तिकायों एवं अन्य जीवास्तिकायों से भिन्न है; उसी प्रकार नौ पदार्थों में मेरा जीवपदार्थ, बाकी सभी पदार्थों एवं अन्य जीवपदार्थों से भिन्न है, उसी प्रकार सात या नौ तत्त्वों में मेरा जीवतत्त्व, बाकी सभी तत्त्वों एवं अन्य जीवतत्त्वों से भी भिन्न है** - ऐसा समझना चाहिए।

अध्यात्म विवेचन में तो मेरे अपने

परमपारिणामिकभावरूप शुद्धजीवत्व के अलावा मेरी आत्मा में उत्पन्न होनेवाले, राग-द्वेष-मोह, प्रमत्त-अप्रमत्त, गुणस्थान, जीवस्थान आदि भावों, को भी अजीवतत्त्व या अजीवपदार्थ में समाविष्ट किया ही है। आत्मा के विकारी भावों - राग-द्वेष-मोह आदि को भी पौद्गलिक माना है, क्योंकि ये भाव पुद्गलकर्म के निमित्त से होते हैं। समयसार, नियमसार आदि अध्यात्म-ग्रन्थों में इसके सैकड़ों सन्दर्भ विद्यमान हैं।

इतना ही नहीं, इन सन्दर्भों का गहराई से अध्ययन करने पर यह पता चलता है कि इन रागादि विकारी भावों को आत्मा का अशुद्धनिश्चयनय अथवा व्यवहारनय से कहा जाता है; जबकि उन्हें पौद्गलिक या पुद्गल का शुद्धनिश्चयनय अथवा निश्चयनय से कहा जाता है।

अब प्रश्न यह उठता है कि रागादिभावों का उपादान तो आत्मा है और पुद्गलकर्म तो उनके निमित्त हैं, फिर भी रागादिभावों को आत्मा का कहना व्यवहार क्यों है और उन्हें पुद्गल का कहना निश्चय क्यों है? क्योंकि उपादान का कथन करनेवाला नय, यथार्थ कथन करनेवाला होने से निश्चय कहलाता है और निमित्त का कथन करनेवाला नय, अयथार्थ कथन करनेवाला होने से व्यवहार कहलाता है।

इसका समाधान यह है कि तत्त्वदृष्टि या पदार्थदृष्टि से रागादि विकारीभाव, आस्रवभाव या आस्रवपदार्थ हैं और आत्मा चैतन्यमयी जीवभाव या जीवपदार्थ है, उनमें तत्त्वभेद या पदार्थभेद है; अत: आस्रवभाव / आस्रवपदार्थ, जीवभाव / जीवपदार्थ तो है नहीं; इसलिए आस्रवभाव / आस्रव-पदार्थ को जीव का भाव / पदार्थ, व्यवहार से ही कह सकते हैं, निश्चय से नहीं। यह नियम है कि जिसके आदि-मध्य-अन्त में जो व्याप्त होता है, वह उसका कहलाता है तथा रागादि के आदि-मध्य-अन्त में कर्म का उदय ही व्याप्त है, अत: उसे निश्चय से कर्म का कहा है तथा कर्म पौद्‌लिक होते हैं, अत: रागादिभावों को भी पौद्‌लिक कहा है। जीव के चैतन्यमयी भावों से उनका कोई सम्बन्ध नहीं है और न ही वे भाव, आत्मा के लक्ष्य से हुए हैं; अत: उन्हें निश्चय से जीव का कैसे कहा जा सकता है? यद्यपि आत्मा के प्रदेशों में उन रागादिभावों का अस्तित्व होने से उन्हें जीव का कहा जाता है - यह व्यवहार है; तथापि निश्चय से उन दोनों को भिन्न-भिन्न वस्तु मानकर, उनके प्रदेशों को भी भिन्न-भिन्न माना गया है।

(न खल्वेकस्य द्वितीयमस्ति, द्वयोर्भिन्न-प्रदेशत्वेनैकसत्तानुपपत्तेः। तदसत्त्वे च तेन सहाधाराधेयसम्बन्धोपि नास्त्येव।)

*- आत्मख्याति, समयसार, १८१)*

यहाँ द्रव्यास्रव एवं भावास्रव, ऐसे दोनों आस्रव आदि को समानतया जीव से अत्यन्त भिन्न सिद्ध किया है। ऐसा नहीं है कि द्रव्यास्रवादि कुछ अधिक भिन्न हैं और भावास्रवादि कुछ कम भिन्न हैं; क्योंकि तत्व-भिन्नता की दृष्टि से दोनों समानरूप से भिन्न हैं। इसी प्रकार वर्ण आदि हों या राग आदि - ये सभी भाव, तत्त्वदृष्टि या पदार्थदृष्टि से आत्मा से अत्यन्त भिन्न ही हैं।

इस सन्दर्भ में निम्न आगम-वचन मननीय हैं -

**एदे सव्वे भावा, पोग्गलदव्वपरिणामणिप्पण्णा।**
**केवलिजिणेहिं भणिया कह ते जीवो त्ति वुच्चंति।।**

*(- समयसार, गाथा ४४)*

**ववहारस्स दरीसणमुवएसो वण्णिदो जिणवरेहिं।**
**जीवा एदे सव्वे, अज्झवसाणादओ भावा।।**

*(- समयसार,गाथा ४६)*

अर्थात् अरहन्तदेव सर्वज्ञ भगवान ने अध्यवसानादि (मिथ्यात्व-रागद्वेषादि) भावों को पुद्गलपरिणाममय कहा है, वे चैतन्यस्वभावमय जीवद्रव्य (जीवतत्त्व / जीवपदार्थ) होने में समर्थ नहीं हैं। सभी अध्यवसानादिभाव जीव हैं - ऐसा अभूतार्थ व्यवहारनय के द्वारा भगवान सर्वज्ञदेव ने दर्शाया है, क्योंकि जिस प्रकार म्लेच्छों को मलेच्छभाषा वस्तुस्वरूप बताती है, उसी प्रकार व्यवहारीजनों को व्यवहारनय, परमार्थ का प्रतिपादक है, अपरमार्थभूत होने पर भी धर्मतीर्थ की प्रवृत्ति का निमित्त होने से उस व्यवहारनय को बताना न्यायसङ्गत है।

इसी प्रकार का भाव, समयसारगाथा ५१-५५ एवं उनकी आत्मख्याति टीका में भी व्यक्त किया गया है -''जो प्रीतिरूपराग है, ..... जो अप्रीतिरूप द्वेष है, ..... जो तत्त्व की अस्वीकृतिरूप (अप्रतिपत्तिरूप) मोह है, जो मिथ्यात्व, अविरति, कषाय और योगलक्षणवाले आस्रवरूप प्रत्यय हैं, ..... जो स्व-पर के एकत्व का मिथ्याज्ञान (अध्यास) होने पर, विशुद्ध चैतन्यपरिणाम से भिन्न लक्षणवाले अध्यात्मस्थान हैं, ..... जो भिन्न-भिन्न प्रकृतियों के भिन्न-भिन्न रसपरिणाम के लक्षणवाले अनुभागस्थान हैं, ..... जो भिन्न-भिन्न प्रकृतियों के भिन्न-भिन्न कालमर्यादा तक साथ रहनेवाले स्थितिबन्धस्थान हैं, ..... जो कषायपरिणाम की तीव्रता लक्षणवाले संक्लेशस्थान हैं, ..... जो कषायपरिणाम की मन्दता लक्षणवाले विशुद्धिस्थान हैं, ..... जो चारित्रमोहपरिणाम की क्रमश: निवृत्ति लक्षणवाले संयमलब्धिस्थान हैं, ..... तथा जो मिथ्यादृष्टि - सासादनसम्यग्दृष्टि - सम्यग्मिथ्यादृष्टि - असंयतसम्यग्दृष्टि - संयतासंयत - प्रमत्तसंयत - अप्रमत्तसंयत - अपूर्वकरणोपशमकक्षपक - अनिवृत्तिबादरसाम्परायोपशमकक्षपक - सूक्ष्मसाम्परायोपशमकक्षपक - उपशान्तकषाय - क्षीणकषाय - सयोगीकेवली - अयोगीकेवली लक्षणवाले चौदह गुणस्थान हैं; वे सर्व ही पुद्गलद्रव्य के परिणाममय होने से अनुभूति से भिन्न हैं।

यहाँ प्रश्न यह है कि जीवास्रव या भावास्रव तो जीवद्रव्यात्मक है और अजीवास्रव या द्रव्यास्रव पुद्गलद्रव्यात्मक है तो फिर इन दो द्रव्यों की क्रियाओं को सामान्य से एक ही तत्त्व क्यों स्वीकार किया गया है ?

उसका उत्तर यह है कि **भले ही द्रव्यास्रव और भावास्रव – दो भिन्न–भिन्न द्रव्यरूप हों, लेकिन तत्त्वदृष्टि से वे एक हैं, अत: एक ही तत्त्व के भेद हैं और वह है आस्रवतत्त्व। आस्रवतत्त्व के कारण ही इनकी एक पदार्थरूप संज्ञा आस्रवपदार्थ की गई है।**

भावास्रव अर्थात् राग-द्वेष-मोह भावों या शुभाशुभ योगों का जीव में आना, वह भावास्रव है। इसी प्रकार द्रव्यास्रव अर्थात् कार्मणर्वणा का आत्मा के साथ सम्बन्धित होने के लिए आना, वह द्रव्यास्रव है; अत: द्रव्यास्रव और भावास्रव में आस्रवपना-सामान्य होने से दोनों को एक आस्रवतत्त्व या आस्रवपदार्थ माना है।

इसी प्रकार बन्धपना-सामान्य के कारण द्रव्यबन्ध और भावबन्ध - दोनों को एक बन्धतत्त्व या बन्धपदार्थ माना है। संवरपना-सामान्य के कारण द्रव्यसंवर और भावसंवर - दोनों को एक संवरतत्त्व या संवरपदार्थ माना है। निर्जरापना-सामान्य होने के कारण द्रव्यनिर्जरा

और भावनिर्जरा - दोनों को एक निर्जरातत्त्व या निर्जरापदार्थ माना है। मोक्षपना-सामान्य होने के कारण द्रव्यमोक्ष और भावमोक्ष - दोनों को एक मोक्षतत्त्व या मोक्षपदार्थ माना है। पुण्यपना-सामान्य होने के कारण द्रव्यपुण्य और भावपुण्य - दोनों को एक पुण्यतत्त्व या पुण्यपदार्थ माना है तथा पापपना-सामान्य होने के कारण द्रव्यपाप और भावपाप - दोनों को एक पापतत्त्व या पापपदार्थ माना है।

निष्कर्ष के रूप में कहा जा सकता है **एक पदार्थ या एक तत्त्व, द्रव्यदृष्टि से दो द्रव्यों या दो अस्तिकायों के सम्बन्धस्वरूप असमानजातीय–द्रव्यपर्यायरूप हो सकता है तथा एक द्रव्य या एक अस्तिकाय, तत्त्वदृष्टि या पदार्थदृष्टि से नौ तत्त्व या नौ पदार्थरूप हो सकते हैं।**

जिस प्रकार जाति अपेक्षा द्रव्यों की संख्या छह होने पर भी संख्या अपेक्षा जीव अनन्त, पुद्गलद्रव्य अनन्तानन्त धर्म-अधर्म-आकाशद्रव्य एक-एक तथा कालद्रव्य असंख्यात हैं। उसी प्रकार तत्त्व या पदार्थ भी जाति अपेक्षा सात या नौ है, संख्या अपेक्षा भेद-प्रभेदों की दृष्टि से उनकी संख्या भी अनन्त है।

आचार्य अमृतचन्द्र तो पुण्य-पाप, आस्रव, बन्ध, संवर, निर्जरा और मोक्ष - इन पर्यायरूप पदार्थों को पृथक्-पृथक् स्वीकार करते हुए भी वे इन पदार्थों को न केवल जीव मानते हैं और न केवल अजीव मानते हैं, बल्कि आस्रव आदि पदार्थों को जीव-अजीव दोनों की संयोगी पदार्थ के रूप में मान्यता स्वीकार करते हैं। आचार्यदेव स्पष्टत: यह कहते हैं कि **'केवल एक जीव या अजीव के द्वारा इन पदार्थों की उत्पत्ति हो ही नहीं सकती।'** वे स्वयं लिखते हैं -

**''तत्र विकार्यविकारकोभयं पुण्यं तथा पापम्, आस्राव्यास्रावकोभयमास्रव:, संवार्यसंवारकोभयं संवर:, निर्जर्यनिर्जरकोभयं निर्जरा, बन्ध्यबन्धकोभयं बन्ध:, मोच्यमोचकोभयं मोक्ष:, स्वयमेकस्य पुण्यपापास्रवसंवरनिर्जराबन्धमोक्षानुपपत्ते:। तदुभयं च जीवाजीवाविति।''**

*(-आत्मख्याति, समयसारगाथा १३)*

यहाँ यह कहा गया है कि विकार्य (विकाररूप होनेवाला) तथा विकारक (विकार करनेवाला) दोनों पुण्य हैं, पाप हैं अर्थात् आचार्य पुण्य और पाप के दो-दो भेद बताना चाहते हैं, एक भावपुण्य है और दूसरा द्रव्यपुण्य है, परन्तु यहाँ आचार्य की भाषा में एक विकार्यपुण्य (भावपुण्य) है और दूसरा विकारकपुण्य (द्रव्यपुण्य) है, इसी प्रकार एक विकार्यपाप (भावपाप) है और दूसरा विकारकपाप (द्रव्यपाप) है। आगे जाकर उन्होंने इन्हें **'तदुभयं जीवाजीवाविति'** - ऐसा कहकर विकार्यपुण्य को जीवपुण्य, विकारकपुण्य को अजीवपुण्य कहा है, इसी प्रकार विकार्यपाप को जीवपाप और विकारकपाप को अजीवपाप कहा है। तात्पर्य यह है कि ये दोनों भेद पुण्य-पाप के हैं, न कि जीव या अजीव के।

इसी प्रकार आस्रव आदि के दो-दो भेद निम्नप्रकार हैं -

**आस्रव के दो भेद** - (१) आस्राव्य अर्थात् आस्रवरूप होने योग्य (भावास्रव अथवा जीवास्रव) और (२) आस्रावक अर्थात् आस्रवरूप करने योग्य (द्रव्यास्रव अथवा अजीवास्रव)। **दोनों मिलकर आस्रव हैं, अकेले–अकेले नहीं।**

**संवर के दो भेद** – (१) संवार्य अर्थात् संवररूप होने योग्य (भावसंवर अथवा जीवसंवर) और (२) संवारक अर्थात् संवररूप करनेवाला (द्रव्यसंवर अथवा

अजीवसंवर)। दोनों मिलकर संवर हैं, अकेले-अकेले नहीं।

निर्जरा के दो भेद - (१) निर्जर्य अर्थात् निर्जरारूप होने योग्य (भावनिर्जरा अथवा जीवनिर्जरा) और निर्जरक अर्थात् निर्जरारूप करनेवाला (द्रव्यनिर्जरा अथवा अजीवनिर्जरा)। दोनों मिलकर निर्जरा हैं, अकेले-अकेले नहीं।

बन्ध के दो भेद - बन्ध्य अर्थात् बन्धरूप होने योग्य(भावबन्ध अथवा जीवबन्ध) और बन्धक अर्थात् बन्ध करनेवाला (द्रव्यबन्ध अथवा अजीवबन्ध)। दोनों मिलकर बन्ध हैं, अकेले-अकेले नहीं।

मोक्ष के दो भेद - मोच्य अर्थात् मोक्षरूप होने योग्य (भावमोक्ष अथवा जीवमोक्ष) और मोचक अर्थात् मोक्षरूप करनेवाला(द्रव्यमोक्ष अथवा अजीवमोक्ष)। दोनों मिलकर मोक्ष हैं, अकेले-अकेले नहीं।

यहाँ आस्राव्य और आस्रावक - दोनों की समानता का आधार यह है कि एक आस्रवरूप होने योग्य है और दूसरा आस्रवरूप करनेवाला है, अतः आस्रवरूपता दोनों में सामान्य है, उसे ही आस्रव कहा गया है। यहाँ जीव-अजीव का भेद होने पर भी आस्रव की अपेक्षा समानता मानी गयी है, यही पदार्थदृष्टि है। यही पदार्थदृष्टि सभी पर्यायरूप पुण्य, पाप, आस्रव, संवर आदि पदार्थों के अलावा अन्यत्र भी देखी जा सकती है। जैसे - मनुष्य कहने पर चैतन्यस्वरूप एक आत्मा और उसके साथ पुद्‌गलमयी शरीर - दोनों का ग्रहण हो जाता है, क्योंकि मनुष्यता की अपेक्षा दोनों समान हैं, एक है। यही कारण है कि समानजातीय या असमानजातीयद्रव्यपर्यायों में अनेक द्रव्यों में एकता की प्रतिपत्ति या प्रतीति हो जाती है।

*(-तत्त्वप्रदीपिका, प्रवचनसार, ९३)*

अध्यात्मदृष्टि में इस पदार्थदृष्टि या तत्त्वदृष्टि का ही कमाल है कि जीवतत्त्व को अन्य अजीव, पुण्य, पाप, आस्रव, संवर, निर्जरा, बन्ध और मोक्ष - इन सभी तत्त्वों या पदार्थों से अन्यस्वरूप देखा जाता है। इस दृष्टि से देखें तो अजीवकर्मों का निमित्त-नैमित्तिक सम्बन्ध जीवतत्त्व के साथ न होकर जीवद्रव्य की उन पर्यायों के साथ घटित होता है; जो पुण्य, पाप, आस्रव, संवर आदिरूप कही जाती हैं परन्तु उन्हें तो अलग तत्त्व या पदार्थ माना गया है; अतः जीवतत्त्व, उन सबसे अलग अपने चैतन्यस्वरूप जीवत्व आदि स्वरूप में ही प्रतिष्ठित रहता है। उक्त पुण्य, पाप, आस्रव आदि के भाव मेरे जीवतत्त्व के ऊपर-ऊपर ही तैरते रहते हैं, मेरे स्वरूप में प्रविष्ट नहीं होते। वही समयसार की आत्मख्याति में कहा है -

न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी,<br>
स्फुटमुपरितरन्तोप्येत्य यत्र प्रतिष्ठाम्।

अनुभवतु तमेव द्योतमानं समन्तात्,<br>
जगदपतमोहीभूय सम्यक्स्वभावम्।।

